VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

UDHNA - MAGDALLA ROAD, SURAT.
Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

EMPLOYMENT NOTICE

(SECOND ATTEMPT)

Veer Narmad South Gujarat University invites 'Online applications' for various Administrative positions of the University in connection with the permission granted by Education Department, Government of Gujarat, Gandhinagar vide Letter No.ED/MIS/e-file/3/2025/2912/KH2, dtd.29-05-2025 and Education Department, Government of Gujarat, Gandhinagar vide Resolution No. DGY/1217/172/KH2, dtd.19-09-2017. Eligible candidate shall be required to apply online on or before 03-08-2026 till 6:00 pm at: **https://vnsgunt.samarth.edu.in.** The other details about application form fee, number of posts and minimum qualifications are available on the University website: **www.vnsgu.ac.in** and **https://vnsgunt.samarth.edu.in.** Applicant needs to send two hard copies of the application on or before 10-08-2026 along with all self-attested testimonials, certificates and all supporting documents to undersigned.

Note: 1. Any corrigendum/addendum, if any, shall be published only on the University website. No separate communication shall be made to the applicants.
2. For updates, Candidates are advised to check University Website **www.vnsgu.ac.in** regularly.

No.: GAD/NT/GIA/Emp.Notice/11522/2026 Sd/-
Date: 03-07-2026 REGISTRAR

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લા ના કામરેજ તાલુકા ના મોજેગામ વાવ ના સર્વે નંબર ૪૬૨, બ્લોક નંબર ૪૫૪, રી-સર્વે બાદનો બ્લોક નંબર ૫૪૩, તેમજ કે.જે.પી. મુજબનો બ્લોક નંબર ૫૪૩/૧, જેનો ખાતા નંબર ૧૯૮૫ વાળી જરાયત કુલે ક્ષેત્રફળ હે.આરે ૧-૨૨-૫૫ ચો.મી. જેનો આકાર રૂા. ૧૪.૨૫ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન જેના માલિક (૧) અરજણભાઈ વિરાભાઈ ઉર્ફે વિરજીભાઈ લાઠીયા (૨) કાંતિલાલ છગનલાલ માંગુકીયા (૩) જીવરાજભાઈ ભગવાનભાઈ માંગુકીયા (૪) નિરવભાઈ જીવરાજભાઈ માંગુકીયા (૫) પ્રવિણભાઈ નાનુભાઈ ખેની (૬) બાબુભાઈ ભીખાભાઈ વિડિયા (HUF) (૬) વિજયભાઈ બાબુભાઇ વિરડીયા (HUF) એ પોતાની પ્રત્યક્ષ કબજા ભોગવટાની સંપુર્ણ ટાઈટલ ક્લીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, સાટો, ગીરો, હિત કે દર દાવો વિગેરે ચાલી આવેલ હોય તો આજ દિન થી ૭ દિવસમાં હમોને લેખીત પુરાવા સાથે જાણ કરવી જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદત વીત્યે અમારા અસીલ સદરહું જમીન અંગે પોતાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, જે અંગે પાછળથી કોઇની કોઇ પણ જાતની તર-તકરાર કે હકક, દાવા કે વાંધા ચાલશે નહી જેની ખાસ નોધ લેવી.

પીયુષ વી. સુતરીયા તે ખરીદનારનાં એડવોકેટ
ઓફિસ : ૨૩૧, રોયલ સ્કવેર, લા ફાઉન્ટન્ટ હોટલની સામે,
VIP સર્કલની બાજુમાં, ઉત્રાણ-કોસાડ રોડ, ઉત્રાણ, સુરત. મો.નં. ૯૯૨૫૭ ૪૮૨૭૮

''સ્વસ્થમ બિઝનેસ પાર્ક'' પ્લોટ નંબર 3 ની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. પુણા, મોજે **સારોલી** ના રે.સર્વે નં. ૭૬, બ્લોક નં ૧૧૬, વોર્ડ સારોલી (બીનખેતી), સીટી સર્વે નં. NA૧૧૬ વાળી બીનખેતીની જમીનમાં **''સ્વસ્થમ બિઝનેસ પાર્ક''** માં **પ્લોટ નંબર 3 જેનો સીટી સર્વે નં. NA૧૧૬/3 જેનું ક્ષેત્રફળ ૨૧૨.૮૨ ચો.મી.** વાળી મિલકત ના માલિક **કિરણબેન રાજુભાઈ કાપડીયા,** રહે: સુરત નાએ સદરહુ મિલકત પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર મિલકત અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઇપણ જાતના હકક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત હમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઇનાં કોઇપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર જમીન અંગે કોઇના કોઇપણ પ્રકારનાં હકકો રહેલ નથી અને હોય તો તે જતાં કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદર જમીનનો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ અવેજ ચૂકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭૦
રાકેશ એ. વાઘવાની તે ખરીદનારાના એડવોકેટ

જમીન વેચાણ અંગે ટાઈટલ ક્લીયરની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે: ઓલપાડનાં મોજે : બરબોધનનાં બ્લોક નંબર : ૮૫૮

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે: ઓલપાડનાં મોજે : **બરબોધનનાં ખાતા નંબર : ૩૮૨,** જેનોરે.સર્વે નં.: ૩૬૬/૨બ + ૩, **બ્લોક નંબર : ૮૫૮** વાળી ખેડખાતાની જુની શરતની ટાઈટલ ક્લીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે **ક્ષેત્રફળ હે.આરે. ૦–૧૦–૧૨ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર રૂા.૨–૦૯ પૈસાવાળી જૂની શરતની ખેતીની પિયત જમીન(૧) **રમીલાબેન રામુભાઈ (૨) નયનાબેન રામુભાઈ (૩) ભાસ્કરભાઈ રામુભાઈ (૪) રેખાબેન રામુભાઈ (૫) હસમુખભાઈ રામુભાઈનાઓની** કુટુંબની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન–૭**માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો– વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન માલીકની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો–વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.ઉપર મુજબની મીલકતનાં વેચાણ બાબતની જાહેર નોટીસ અમારી સુચના અને સંમતિથી તથા માલીકની ફરમાઈશથી આપવામાં આવેલ છે. ઉપર જણાવેલી તમામ હકીકતો અમારા જણાવ્યા મુજબ સાચી અને ખરી છે.

ઓફિસઃ ૩૩૭, એ.આર.મોલ, મોટા વરાછા, વરાછા, સુરત. મો. ૯૪૨૯૮ ૩૫૬૨૨
ડેનીશા વી. ભડીયાદ્રા તે ખરીદનારના એડવોકેટ

મોજે ખંભાસલા, તા.ચોર્યાસી, જી. સુરતની સીમમાં આવેલ બ્લોક નં. ૨૪ થી નોંધાયેલી જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા ચોર્યાસીના મોજે ખંભાસલાની સીમમાં આવેલ સર્વે નં. ૨૪/૨, બ્લોક નં. ૨૪ થી નોંધાયેલી હે.આરે ૧-૧૩-૩૧ ચો.મી., આકાર રૂા.૧૪-૩૧ પૈસાવાળી ખેતીની જુની શરતની જરાયત જમીન આવેલી છે. સદરહુ જમીનના માલીક ભદ્રેશકુમાર જગદીશભાઈ પટેલ તથા મનિષા ભદ્રેશકુમાર પટેલ (રહે : મુ.પો. મોહણી, તા. ચોર્યાસી, જી.સુરત)ની માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી, યુ.એસ.એ.થી ટેલીફોનીક મળેલ સૂચના તથા તેમના પ્રતિનિધિ સાથે ચર્ચા થયા મુજબ મારા અસીલોને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને ટુંક સમયમાં મારા અસીલો સદરહુ જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી તે જમીનમાં અન્ય કોઇના કાંઇપણ લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ કે ખોરાકી પોષાકીના હકકો, ગણોત હકક, દરમેલ કે રસ્તાના ઇઝમેન્ટના હકકો યા બેંક, મંડળી, સંસ્થા, ખાનગી વ્યકિત વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ કોઇને પણ વાંધો હોય તો તેમણે લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં મને લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઇ હકકદાવા રજૂ થશે નહીં તો કોઇના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે તેવું માની મારા અસીલ તમામ પ્રકારના લખાણો કરાવી લેશે. ભવિષ્યમાં કોઇની કાંઇપણ તર-તકરાર વાંધા ચાલશે નહીં જેની નોંધ લેવી.

ઓ: યુ-૩, યશકમલ કોમ્પ્લેક્ષ, ભાજપ કાર્યાલયની બાજુમાં, ઉધના મેઇન રોડ, સુરત ફોન નં. ૯૮૨૪૭૪૪૪૯૧
ભરતસિંહ એ. ગોહિલ
તેજનસિંહ બી. ગોહિલ
નિભર્ય એમ. ઠાકોર
તે ખરીદનારના એડવોકેટ્સ

પાવર ઓફ એટર્ની રદ કરવાની નોટીસનો જાહેર ખુલાસો

તા. ૨૩/૦૬/૨૦૨૬ નાં રોજ ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણનાં પાના નં. ૨ ઉપર પ્રસિધ્ધ થયેલ (૧) મોહમદ સઈદ ગબા તથા (૨) અબ્દુલ સમદ અહમદ ગબાનાં નામ વાળો પાવર ઓફ એટર્ની રદ કરવા અંગેનો નોટીસ અંગે જાહેર ખુલાસો કરી જણાવવાનું કે,

મોજે તાજપોર ખુર્દ, તા. બારડોલી, જી. સુરતનાં બ્લોક નં. ૨૦ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨૨-૩૭-૯૨ ચો.મી. વાળી જમીનનાં મુળ માલીક (૧) જોહરા અહમદ મહમદ ગબા (૨) મોહમદ અહમદ ગબા (૩) મોહમદ સઈદ ગબા અને (૪) અબ્દુલ સમદ અહમદ ગબાનાંઓ ચાલી આવેલા અને તેઓએ તેમની બ્લોક નં. ૨૦ વાળી જમીન હમારા અસીલશ્રી મહમદ સુલેમાન પટેલ રહે. બલેશ્વર, તા. પલસાણા, જી. સુરતનાંઓને પૂરેપૂરી અવેજની રકમ મેળવી વેચાણ આપેલ અને તે અંગે અબ્દુલ સમદ અહમદ ગબાનાંઓએ પોતે તથા નં.૧ થી ૩ નાં પાવરદાર તરીકે તા.૦૧/૦૮/૨૦૧૮ નાં રોજ કબજા સહિતનો વેચાણ સાટાખત કરી કબજો સુપ્રત કરી આપેલો. પરંતુ બાકીનાં માલીકો પરદેશ રહેતા હોવાથી દસ્તાવેજ થઈ શકેલ નહી. ત્યારબાદ ઉપરોકત ચારેય માલીકોએ પરદેશથી મહમદ સુલેમાન પટેલનાં નામનો સદર બ્લોક નં. ૨૦ વાળી જમીનનાં વહીવટ માટે પાવર ઓફ એટર્ની તા. ૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ કરીને મોકલી આપેલ. અને તે રીતે હમારા અસીલશ્રી સદર બ્લોક નં. ૨૦ વાળી જમીનનો કબજો, ભોગવટો અને વહીવટ માલીકી હકકે કરતાં આવેલ છે.

હાલમાં હમારા અસીલશ્રીને જાણવા મળેલ છે કે, (૧) મોહમદ સઈદ ગબા તથા (૨) અબ્દુલ સમદ અહમદ ગબા કે જેઓ હાલમાં સાઉથ આફ્રિકા મુકામે રહેતા આવેલ છે. તેઓ તરફે કે તેમનાં મારફતે અન્ય ત્રાહિત ઈસમે હમારા અસીલશ્રીને આપેલ તા. ૨૩/૧૦/૨૦૧૮ નાં રોજનો પાવર ઓફ એટર્ની રદ કરતી નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. જે અંગેની નોટીસ હમારા અસીલશ્રીને રૂબરૂ મળેલ નથી કે તેમનાં તરફે હમારા અસીલશ્રીને કોઈ લેખિત નોટીસ આપવામાં આવેલ નથી. આમ, આવી નોટીસ કોઈ ત્રાહિત હમારા અસીલશ્રીનાં હિત શત્રુ દ્વારા અપાવવામાં આવેલ હોય તેવું હમારા અસીલશ્રીનું માનવું છે. આમ, આ પ્રકારની જાહેર નોટીસથી જાહેર જનતાએ ગેરમાર્ગે દોરવવું નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૩/૦૭/૨૦૨૬

હમારી મારફતે **નિતિન આર. પાટીલ,** એડવોકેટ
રહે: "પિતૃછાયા", એ-૧૩/૧૪, પુષ્કર પાર્ક, બાબેન, તા. બારડોલી, જી.સુરત મોબાઈલ નં. ૯૩૭૪૫-૧૫૦૭૫

Akhand Anand Co. Op. Bank Ltd.

Admin Office: 2nd Floor, Mahavir Shopping Center, Amroli Road, Katargam, Surat-4
Registered Office:Beside Anath Balashram, Katargam Road, Surat-4

:: Notice of Annual General Meeting ::

Notice is hereby given to all the members of bank that **Akhand Anand Co. Op. Bank Ltd** has arranged Annual General Meeting on 18-07-2026 on Saturday at 4:00 pm at 2nd Floor, Shrimati M. M. Kheni Bhavan, Sri Samsat Patidar Samaj ni Wadi, Ambatalavadi Char Rasta, Katargam, Surat to transact on agenda work no. 1 to 10 as per bye-laws of the bank and on below mentioned agenda work no. 11 indicated in the agenda. Detailed agenda is placed on the notice boards of all the branches of the bank.

Agenda Work No.11:	To approve Amalgamation of Mahila Sahakari Bank Limited., Vadodara with Akhand Anand Co. Op. Bank Ltd., Surat and to approve its Scheme of Amalgamation.

Dated: 04-07-2026 Dipakbhai A. Soni (M.D. / C.E.O.)

મોજે : ભાણોદરા, તા. ચોર્યાસી, જી. સુરતના સર્વે નં. ૭૭/૩, બ્લોક નં. ૧૩૩ વાળી બિનખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસીના **મોજે : ભાણોદરા** ના સર્વે નં.૭૭/3, **બ્લોક નં. ૧૩૩** (ખાતા નં. ૧૮૫૮) વાળી બિનખેતીની બહુહેતુક ઉપયોગ વાળી જમીન જેનું ૭/૧૨ પ્રમાણે કુલ ક્ષેત્રફળ ૦-૭૦-૮૨ હે.આરે.ચો.મી છે, મજકુર જમીનનો ટી.પી સ્કીમ નં. ૪૪(ભાણોદરા) લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૧૫ ફાળવવામાં આવેલ છે જેનુ ફા.પ્લોટ મુજબનુ કુલ ક્ષેત્રફળ ૪૨૪૯ સમ.ચો.મી છે, જેનો આકાર રૂા. ૬.૫૦ છે તે વિગતની તથા વર્ણનવાળી બિનખેતીની જમીન કે જયાં હાલમાં **ડ્રીમ પેલેસ** ના નામથી પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ છે તે વિગતની તથા વર્ણનવાળી જમીન તેના માલિક **બસીર ગફાર માજોથી** એ પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તેમજ ટાઇટલ કલીયર હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદર જમીન અંગે કોઇપણ વ્યકિત યા સંસ્થાનો યા બેંકનો કોઇપણ પ્રકારનો હકક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઇપણ જાતના હકક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત હમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઇનાં કોઇપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર જમીન અંગે કોઇના કોઇપણ પ્રકારનાં હકકો રહેલ નથી અને હોય તો તે જતાં કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદર જમીનનો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ અવેજ ચૂકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

સુરત. તા. ૦૩.૦૭.૨૦૨૬
ઓફીસ : જીજો માળ, ૩૩૪, મારવેલા પેલેડીયમ, શ્યામ મંદિરની સામે, વી.આઈ.પી. રોડ, વેસુ, સુરત. મો. ૯૯૦૯૪ ૦૫૦૦૩.
સમીર આર. ભજીયાવાલા તે ખરીદનારના એડવોકેટ & નોટરી

-:: ટાઇટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લો : સુરત, તાલુકો પુણાના મોજે **ગામ મગોબ**માં આવેલ જુનો સર્વે નં. ૨+૮૭+૮૬/૧ જેનો બ્લોક નં. ૨ વાળી જુની શરતની **એન.એ. (બીનખેતી)** થયેલી જમીન જેનું ૭/૧૨ મુજબનું **ક્ષેત્રફળ ૦-૭૪-૮૭ ચો.મી.** જમીન જે જમીનનો સમાવેશ **ટી. પી. સ્કીમ નં. ૬૪ (મગોબ–ડુંભાલ)** લાગુ પડતા જે પ્રિલીમનરી મંજુર ટી.પી. પ્રમાણેની થયેલી ક્પાતના ધોરણને આધિન **ફાઈનલ પ્લોટ નં. ૨૦** પૈકી વાળી મંજુર થવાને પાત્ર ફકત **બ્લોક નં. ૨** વાળી જમીનની હાલની સરેરાસ થયેલી ક્પાત મુજબના **ક્ષેત્રફળ ૬૦૬૮ ચો.મી.** જેના **ચો.વાર ૭૨૫૭** મંજુર થવાને પાત્ર **સબ ડીવીઝન નં. ૧ વાળી ખુલ્લી જમીન** જેને લાગતા વળગતા અંદર તથા બહારના તમામ હકકો સહિતની જમીનના માલિક **(૧) ગીતાબેન દિલીપસિંહ બારડ, (૨) દિલીપસિંહ બહાદુરસિંહ બારડ**નાઓની માલીકી તથા પ્રત્યક્ષ કબજા-ભોગવટાની ચાલી આવેલ હોવાનું તેમજ તે જમીનના ટાઇટલ ચોખ્ખા તેમજ માર્કેટેબલ ક્લીયર હોવાનું જણાવી સદરહુ ફકત બ્લોક નં. ૨ વાળી જમીનનો ટાઇટલ ક્લીયરન્સ રીપોર્ટ અમારી પાસેથી માંગણી કરેલ છે. આમ સદરહુ જમીનમાં ઉપર જણાવેલ ઇસમો સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના લાગભાગ-દર-દાવો-હકક-હિસ્સો-હિત સંબંધ કે ખોરાકી પોશાકીના હકકો હોય કે બેંક–મંડળી–સંસ્થા કે ખાનગી વ્યકિતનું લેણું-બોજો-ચાર્જ લીયન વિગેરે કાંઇપણ હોય તો તેમણે હકકને પાત્ર હોય તેવા પુરાવા અંગેના મુળ ઓરીજીનલ પેપર્સ સહિત **દિન-૭** માં અમોને લેખિત જાણ કરવી જો આ મુદતમાં તેવા કોઇપણ હકક દાવા-વાંધા વિગેરે મારી સમક્ષ રજુ કરવામાં નહી આવે તો કોઇના પણ હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે એવુ માની અમો સદરહુ જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને પાછળથી કોઇની પણ કાંઇ તર-તકરાર વાંધા ચાલશે નહી જેની ખાસ નોંધ લેવી.

નોંધ :- ઓરીજીનલ પુરાવા કે કોઇપણ વજુદ વગરના વાંધા ફોજદારી ગુન્હાને પાત્ર રહશે.

તા.૦૪-૦૭-૨૦૨૬
ઓફીસ : ૧૦૨ થી ૧૦૫,લાલભાઇ કોન્ટ્રાકટર કોમ્પલેક્ષ, પારસી લાઇબ્રેરીની સામે, નાનપુરા મેઇન રોડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ મો. ૯૮૨૫૧ ૪૧૯૩૦
મારી મારફત **કમલેશ એમ. પટેલ** એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતા જોગ જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસી મોજે ગામઃ ઉધના જેનો સર્વે નંબર : ૨૭૨, જેનું વપરાશનું ક્ષેત્રફળ : ૪૫.૫૨ ચો.મી., જેનો પ્લોટ નંબર : ૧૪–બી, શ્રી સાંઈ જલારામનગર, પટેલ નગર પાસે, ઉધના, સુરત જેને સુરત મ્યુનિ.દફતરે ટેનામેન્ટ નં.૦૨૭ એફ–૦૩–૩૦૧૧–૦–૦૦૧ ચાલી આવેલ છે. જે હાલ ૧. અમૃતલાલ કાન્તીભાઈ રાણા ૨. અશોકભાઈ નટવરભાઈ રાણા ૩. મુસ્તુફા બદરૂદીન ડોડીયા તમામ રહેવાસી સુરતનાઓના સયુંકત નામે ચાલી આવેલ છે. જેઓ સદર પ્લોટ પ્રત્યક્ષ માલિકી, કબજા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની હોવાનુ તેમજ નકરજી નબોજા, ચોખ્ખા ક્લીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી આવેલ હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. સદરહું ખુલ્લા પ્લોટ ઉપર અન્ય ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક, સરકારી, અર્ધસરકારી એકમને યા અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિતનો કોઈપણ પ્રકારનો વાંધો–તકરાર, હકક–હિસ્સો કે અધિકાર, બાનું, સાટાખત, સોદાચિઠ્ઠી કે દસ્તાવેજ હોય કે અન્ય કોઈપણ પ્રકારના ભરણપોષણ કે ઈઝમેન્ટ રાઈટ્સ હોય કે રસ્તાના આવવા જવાના હકક કે અધિકાર હોય તો તેઓએ દિન–૭ (સાત)માં સબળ આધારભૂત દસ્તાવેજી પુરાવા નકલ સાથે અમોને રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા લેખિત વાંધા સાથેની જાણ કરવી. મુદત વીત્યે કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારના હકક, હિસ્સો,રાઈટ્સ યા ઈઝમેન્ટના હકકો નથી કે સદર વેચાણ સામે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલ છે. તેમ માની અમારા અસીલ સદર પ્લોટને વેચાણને લગતી આનુષાંગિક કાર્યવાહી કરીને સદરહુ મિલકતની માલિકી તથા કબજા બાબતની કાયદાકીય કાર્યવાહી કરાવી લેનાર છે. ત્યારબાદ કોઈપણ વ્યકિત ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત કોઈપણ તબકકે ચલાવી લેવામાં આવશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફિસ : ૧૩૦, ડો. હેડગેવાર વસાહત–૩, પટેલ નગર, ઉધના, સુરત. મો. ૭૦૪૧૨ ૦૦૩૦૦
મોહીન એચ.પઠાણ તે ખરીદનારના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ **સુરત,** સબ-ડીસ્ટ્રીકટ **ઓલપાડ** ના **મોજે ગામ : વડોદ** ના સરવે નંબરઃ ૫૮, **સરવે/બ્લોક નંબરઃ ૧૯૫** ખાતા નં. ૨૬૭, જેનું ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ સુમારે **હે. ૦-૨૩-૨૭ ચો.મી.,** આકાર રૂા. ૬.૦૦ પૈસા થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન, તથા તેમાં આવેલ ઝાડ, બીડ, રસ્તા સહીત જમીન અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો, અધીકાર સહિતની જમીન **(૧) ગોરધનભાઈ દેવશીભાઈ જોગાણી, (૨) હિમંતભાઈ વશરામભાઈ કાસોદરીયા, (૩) પુષ્પાબેન તે હર્ષદભાઈ વિઠલભાઈ ની વિધવા, (૪) રાહુલ હર્ષદભાઈ** નાઓએ પોતાની માલિકી, કબજા, ભોગવટા હેઠળની તથા જમીનના તમામ ટાઇટલ ક્લીયર હોવાનું જણાવી વેચાણ અવેજ સ્વીકારી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે જે કોઈ શખ્સ, ઈસમ, ભાગીદારો, વારસદારો કે કોઈપણ વ્યકિતના કોઈપણ જાતના લાગ, ભાગ, દર દાવો, હકક, હિત, હિસ્સો, જપ્તી-અવલજપ્તી, ઈઝમેન્ટના હકો, યા આવવા-જવાના હકકો, કે કોઈપણ બેંક કે બેંકિંગ જેવી સંસ્થા કે મંડળીની લોન, બોજો અગર ગીરો હોય, યાં કોઈપણ પ્રકારના કરાર, સોદા-સાટાખત, પાવર ઓફ એટર્ની યા અન્ય લખાણો કરેલા હોય, કોઈના કોઈપણ પ્રકારના કોર્ટ પ્રકરણો વિગેરે ચાલતા હોય તો તેઓએ **દિન-૭** માં લેખિત પુરાવાઓ સહિત હમોને રૂબરૂ જાણ કરવી. મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ જાતના લાગ, ભાગ, દર દાવા કે, હકક, હિત, હિસ્સો, કોઈના કોઈપણ જાતના ઈઝમેન્ટના, આવવા-જવાના હકો, કોઈપણ પ્રકારના લખાણો, કરાર કરેલા નથી અને હોય તો તે જતા કરેલ છે યાને વેવ કરેલ છે તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીન વેચાણ અંગેના જરૂરી કરારો, લખાણો કરાવી લેશે ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

યુ.જી.-૧૧, આર્શિવાદ સ્કવેર, સોસીયો સર્કલ પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૦૯૨ ૫૩૯૮૮.
રાહુલ એચ. પટેલ તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (મજુરા) સબ-ડીસ્ટ્રીકટના અલથાણનાં રે.સર્વે નં. ૫૫-૫૭/૨/૨, બ્લોક નં.૭૧, ટી.પી. સ્કીમ નં. ૩૬ (અલથાણ)ના ફાયનલ પ્લોટ નં. ૬૩ થી નોંધાયેલી બીનખેતીની જમીન, જે સાંઈનાથ બંગ્લોઝ ના નામથી ઓળખાય છે તેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૦ વાળી ખુલ્લા પ્લોટવાળી મીલકત, જેનું ક્ષેત્રફળ ૧૮૮.૭૨ ચો.મી. છે જેને વોર્ડ અલથાણ (ટી.પી.-૩૬)ના સીટી સરવે નં. ૬૩/૩૩ ક્ષેત્રફળ ૧૯૩.૬૫ ચો.મી. આપવામાં આવેલ છે તે ખુલ્લા પ્લોટવાળી મીલકત, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની (૧) હેમલતા તુષાર દેસાઈ (૨) તુષાર નરેન્દ્રભાઈ દેસાઈની સ્વતંત્ર અને સંયુકત માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ ખુલ્લા પ્લોટવાળી મીલકત અંગે બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો અન્ય ત્રાહિત વ્યકિતને કરી આપેલા નથી તેમ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અમારા અસીલ ટુંક સમયમાં સદરહુ ખુલ્લા પ્લોટવાળી મીલકતનો અવેજ ચુકવી તેમની પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તે સંજોગોમાં, સદરહુ મીલકતમાં કોઈપણ વ્યકિત, સરકારી કે સહકારી બેંક, મંડળી, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો, ખોરાકી-પોષાકી વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા, પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહુ ફલેટના તમામ હકકો અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ મીલકતના